## ૧૧

# જીવ અને પંચ પરમેષ્ઠી

### પરમેષ્ઠીનો અર્થ

**પ્રશ્ન** : પરમેષ્ઠી કોને કહે છે?

**ઉત્તર** : જે જીવો પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ સ્વરૂપમાં–સમભાવમાં 'ષ્ઠિન્' એટલે અવસ્થિત છે, તેઓ જ પરમેષ્ઠી કહેવાય છે.

**પ્રશ્ન** : પરમેષ્ઠી અને એમનાથી જુદા જીવો વચ્ચે શો ફેર છે?

**ઉત્તર** : ફેર આધ્યાત્મિક વિકાસના હોવા અને ન હોવાનો છે. જેઓએ આધ્યાત્મિક વિકાસ સાધ્યો છે અને નિર્મળ આત્મશક્તિ મેળવી છે તે પરમેષ્ઠી ગણાય છે. અને જેઓની આત્મશક્તિમાં મેલ છે તે એમનાથી જુદા છે.

**પ્રશ્ન** : જેઓ અત્યારે પરમેષ્ઠી નથી, શું તેઓ પણ સાધનો દ્વારા આત્માને નિર્મળ કરીને એવા થઈ શકે છે?

**ઉત્તર** : જરૂર.

**પ્રશ્ન** : તો પછી જેઓ પરમેષ્ઠી નથી અને જેઓ પરમેષ્ઠી બન્યા છે, એ બન્ને વચ્ચે શક્તિની અપેક્ષાએ શો ફરક સમજવો?

**ઉત્તર** : કંઈ નહીં. ફરક ફક્ત શક્તિઓના પ્રગટ થવા અને નહીં થવાનો છે. એકમાં આત્મશક્તિઓનું વિશુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું છે, બીજામાં એ પ્રગટ થયું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જીવ સંબંધી કેટલીક વિચારણા

**જીવનું સામાન્ય લક્ષણ**

**પ્રશ્ન** : જો મૂળમાં બધા જીવો સમાન જ છે, તો એ બધાનું સામાન્ય સ્વરૂપ (લક્ષણ) શું છે?

**ઉત્તર** : રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે પૌદ્‌ગલિક ગુણોનો અભાવ અને ચેતનાનું અસ્તિત્વ, એ બધા જીવોનું સામાન્ય લક્ષણ છે.

**પ્રશ્ન** : આ લક્ષણ તો અતીન્દ્રિય છે; તો પછી એનાથી જીવની ઓળખ કેવી રીતે થઈ શકે?

**ઉત્તર** : નિશ્ચયદૃષ્ટિએ જીવ અતીન્દ્રિય છે, તેથી એનું લક્ષણ અતીન્દ્રિય જ હોવું જોઈએ.

**પ્રશ્ન** : જીવ તો આંખ વગેરે ઇંદ્રિયોથી જાણી શકાય છે, તો પછી એ અતીન્દ્રિય કેવી રીતે?

**ઉત્તર** : શુદ્ધ રૂપ અર્થાત્ સ્વભાવની અપેક્ષાએ જીવ અતીન્દ્રિય છે. અશુદ્ધ રૂપ અર્થાત્ વિભાવ–પૌદ્‌ગલિક ભાવ–ની અપેક્ષાએ એ ઇંદ્રિય-ગમ્ય છે. અમૂર્તપણું, રૂપ, રસ વગેરેનો અભાવ અને ચેતનાશક્તિ એ જીવનો સ્વભાવ છે; અને ભાષા, આકાર, સુખ, દુઃખ, રાગ, દ્વેષ વગેરે જીવના વિભાવ અર્થાત્ કર્મજન્ય પર્યાય છે. સ્વભાવ પુદ્‌ગલ-નિરપેક્ષ હોવાને લીધે અતીન્દ્રિય છે; અને વિભાવ પુદ્‌ગલ-સાપેક્ષ હોવાથી ઇંદ્રિયગ્રાહ્ય છે. તેથી સ્વાભાવિક લક્ષણની અપેક્ષાએ જીવને અતીન્દ્રિય માનવો જોઈએ.

**પ્રશ્ન** : જો વિભાવનો સંબંધ જીવ સાથે છે, તો એને આધારે પણ જીવનું લક્ષણ કરવું જોઈએ ને?

**ઉત્તર** : કર્યું જ છે. પણ એ લક્ષણ બધાય જીવોને લાગુ નહીં પડે, ફક્ત સંસારી જીવોને જ લાગુ પડશે; જેમ કે જેમનામાં સુખ-દુઃખ, રાગ-દ્વેષ વગેરે ભાવો હોય, જે કર્મોના કર્તા અને કર્મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળના ભોક્તા તેમ જ દેહધારી હોય તે જીવ છે.

**પ્રશ્ન** : આ બે લક્ષણો વચ્ચે સ્પષ્ટ તફાવત શો ?

**ઉત્તર** : પહેલું લક્ષણ સ્વભાવને સ્પર્શે છે, તેથી એને નિશ્ચયનયની અપેક્ષાએ, તેમ જ પૂર્ણ અને સ્થાયી સમજવું જોઈએ. બીજું લક્ષણ વિભાવને સ્પર્શનારું છે, તેથી એને વ્યવહારનયની અપેક્ષાએ તેમ જ અપૂર્ણ અને અસ્થાયી સમજવું જોઈએ. સારાંશ એ કે પહેલું લક્ષણ નિશ્ચયદૃષ્ટિ પ્રમાણે છે, તેથી એ ત્રણે કાળમાં લાગુ પડે એવું છે; અને બીજું લક્ષણ વ્યવહારદૃષ્ટિ મુજબ છે તેથી એ ત્રણે કાળમાં લાગુ પડે એવું નથી; અર્થાત્ એ સંસારી જીવોને લાગુ પડે છે અને મોક્ષના જીવોને લાગું નથી પડતું.

**પ્રશ્ન** : ઉપર મુજબ બે દૃષ્ટિને આધારે જૈન દર્શનમાં જેમ જીવનાં બે જાતનાં લક્ષણ કરવામાં આવ્યાં છે એવાં જ બે લક્ષણ શું જૈનેતર દર્શનોમાં પણ છે ?

**ઉત્તર** : સાંખ્ય, યોગ, વેદાંત વગેરે દર્શનોમાં આત્માને ચેતનરૂપ કે સચ્ચિદાનંદરૂપ કહેલ છે તે નિશ્ચયનયની દૃષ્ટિએ; અને ન્યાય, વૈશેષિક વગેરે દર્શનોમાં સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ વગેરે આત્માનાં લક્ષણો કહ્યાં છે તે વ્યવહારનયની દૃષ્ટિએ.

**પ્રશ્ન** : 'જીવ' અને 'આત્મા' એ બન્ને શબ્દોનો અર્થ એક છે ?

**ઉત્તર** : હા. જૈન શાસ્ત્રમાં તો સંસારી અને અસંસારી બધાય ચેતનોને માટે 'જીવ' અને 'આત્મા', એ બન્ને શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે; પણ વેદાંત વગેરે દર્શનોમાં 'જીવ'નો અર્થ સંસારી અવસ્થાનો જ ચેતન થાય છે, મુક્ત ચેતન નહીં. અને બન્ને માટે સામાન્ય શબ્દ 'આત્મા' છે.

**જીવના સ્વરૂપનું અનિર્વચનીયપણું**

**પ્રશ્ન** : આપે તો જીવનું સ્વરૂપ વર્ણવ્યું, પણ કેટલાક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્વાનોનું કહેવું છે કે આત્માનું સ્વરૂપ અનિર્વચનીય અર્થાત્ શબ્દોથી વર્ણવી ન શકાય એવું છે. તો આમાં સાચું શું છે?

**ઉત્તર** : એમનું કહેવું પણ સાચું છે, કારણ કે શબ્દો મારફત તો મર્યાદિત ભાવ જ વ્યક્ત કરી શકાય છે. જો જીવનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણપણે જાણવું હોય તો એ, અમર્યાદિત હોવાને કારણે, શબ્દોથી કોઈ રીતે દર્શાવી શકાય નહીં. એટલા માટે, આ અપેક્ષાએ, જીવનું સ્વરૂપ અનિર્વચનીય છે. આ વાત જેમ બીજાં દર્શનોમાં 'નિર્વિકલ્પ' શબ્દથી કે 'नेति' શબ્દથી કહેવામાં આવી છે, એ જ રીતે જૈન દર્શનમાં 'सरा तत्थ निवत्तंते, तक्का तत्थ न विज्जइ' (આચારાંગસૂત્ર ૫-૬)—એટલે કે ત્યાંથી શબ્દો પાછા ફરે છે અને તર્કો એમાં થઈ શકતા નથી—વગેરે કહેવામાં આવ્યું છે. આ અનિર્વચનીયપણાનું કથન પરમ નિશ્ચયનય કે પરમ શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ સમજવું જોઈએ. અમૂર્તત્વને જીવ કે ચેતનાનું લક્ષણ કહેવામાં આવ્યું છે તે નિશ્ચયનયની દૃષ્ટિએ કે શુદ્ધ પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ.

### જીવ સ્વયંસિદ્ધ છે કે ભૌતિક મિશ્રણોનું પરિણામ?

**પ્રશ્ન** : એવું સાંભળવામાં અને વાંચવામાં આવ્યું છે કે જીવ એક રાસાયનિક વસ્તુ છે, અર્થાત્ ભૌતિક મિશ્રણોનું પરિણામ છે; એ કોઈ સ્વયંસિદ્ધ વસ્તુ નથી. એ ઉત્પન્ન પણ થાય છે અને નાશ પણ પામે છે. આમાં સાચું શું?

**ઉત્તર** : આ કથન ભ્રાંતિજન્ય છે, કારણ કે જ્ઞાન, સુખ, દુઃખ, હર્ષ, શોક વગેરે જે વૃત્તિઓ મનની સાથે સંબંધ ધરાવે છે તે સ્થૂળ કે સૂક્ષ્મ ભૌતિક વસ્તુઓના આલંબનથી થાય છે; ભૌતિક વસ્તુઓ એ વૃત્તિઓને પેદા કરવામાં કેવળ સાધન એટલે કે નિમિત્તકારણ છે, ઉપાદાનકારણ નહીં. એનું ઉપાદાનકારણ તો જુદું જ છે, અને તે છે આત્મતત્ત્વ. તેથી ભૌતિક વસ્તુઓને આવી વૃત્તિઓનું ઉપા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાનકારણ માનવું એ ભ્રાંતિ છે. જો એમ ન માનવામાં આવે તો અનેક દોષ ઊભા થાય છે: જેમ કે સુખ-દુઃખ, રાજા-રંકપણું, લાંબું-ટૂંકું આયુષ્ય, સત્કાર-તિરસ્કાર, જ્ઞાન-અજ્ઞાન વગેરે અનેક પરસ્પર વિરોધી ભાવો એક જ મા-બાપનાં બે સંતાનોમાં જોવામાં આવે છે એ, જો જીવને સ્વતંત્રતત્ત્વ ન માનીએ તો, કોઈ રીતે અ-સંદિગ્ધપણે પુરવાર ન થઈ શકે.

**પ્રશ્ન** : જીવના અસ્તિત્વની બાબતમાં આપણે કોના ઉપર વિશ્વાસ કરવો જોઈએ?

**ઉત્તર** : અત્યંત એકાગ્રતાપૂર્વક, લાંબા વખત લગી આત્માનું જ મનન કરવાવાળા નિઃસ્વાર્થ ઋષિઓના વચન ઉપર તથા આપણા પોતાના અનુભવ ઉપર. અને ચિત્તને શુદ્ધ કરીને એકાગ્રતાપૂર્વક ચિંતન અને મનન કરવાથી આવો અનુભવ મળી શકે છે.

## પંચ પરમેષ્ઠી

### પંચ પરમેષ્ઠીના પ્રકાર

**પ્રશ્ન** : શું બધા પરમેષ્ઠી એક જ પ્રકારના છે? એમની વચ્ચે અંતર શું છે?

**ઉત્તર** : ના. બધાય એક પ્રકારના નથી હોતા. સ્થૂલ દૃષ્ટિએ એમના પાંચ પ્રકાર છે: (૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) આચાર્ય, (૪) ઉપાધ્યાય અને (૫) સાધુ. આ પાંચ વચ્ચેનો ફરક જાણવા માટે સ્થૂળ રૂપે એમના બે વિભાગ કરવા જોઈએ. પહેલા વિભાગમાં પહેલા બે; અને બીજા વિભાગમાં બાકીના ત્રણ પરમેષ્ઠીનો સમાવેશ થાય છે; કારણ કે અરિહંત અને સિદ્ધ એ બેએ તો જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય વગેરેનો શુદ્ધ રૂપમાં પૂરેપૂરો વિકાસ કર્યો હોય છે; પણ આચાર્ય વગેરે ત્રણે આ શક્તિઓને પૂર્ણ રૂપે પ્રગટ કરી નથી હોતી, પરંતુ એને પ્રગટ કરવા માટે તેઓ પ્રયત્નશીલ હોય છે. ફક્ત અરિહંત અને સિદ્ધ એ બે જ પૂજ્ય અવસ્થાને પામેલા છે; એમને પૂજક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થા નથી હોતી; એટલા માટે એ દેવતત્ત્વ મનાય છે. આથી ઊલટું, આચાર્ય વગેરે ત્રણ, પૂજ્ય અને પૂજક એ બન્ને અવસ્થા ધરાવે છે. તેઓ પોતાથી ઊતરતી કોટીવાળાના પૂજ્ય અને ચડિયાતી કોટીવાળાના પૂજક છે. તેથી જ ગુરુતત્ત્વ મનાય છે.

### અરિહંત અને સિદ્ધની વચ્ચેનો ફેર

**પ્રશ્ન** : અરિહંત અને સિદ્ધની વચ્ચે ફેર શો છે?

**ઉત્તર** : સિદ્ધ શરીર રહિત એટલે બધાય પૌદ્ગલિક પર્યાયોથી દૂર હોય છે; પણ અરિહંત એવા નથી હોતા. એમને શરીર હોય છે તેથી, મોહ, અજ્ઞાન વગેરેનો નાશ થઈ જવા છતાં, તેઓ ચાલવું-ફરવું, બોલવું, વિચારવું વગેરે શારીરિક, વાચિક તથા માનસિક ક્રિયાઓ કરતા રહે છે. સારાંશ એ છે કે જ્ઞાન, ચારિત્ર વગેરે શક્તિઓના વિકાસની પૂર્ણતા અરિહંત અને સિદ્ધ બન્નેમાં એકસરખી હોય છે, પણ સિદ્ધ યોગ( મન-વચન-કાયાની ક્રિયા )થી રહિત હોય છે, અને અરિહંત યોગથી સહિત હોય છે. જેઓ પહેલાં અરિહંત બને છે, તેઓ જ શરીરના ત્યાગ પછી સિદ્ધ કહેવાય છે.

### આચાર્ય વગેરે વચ્ચેનો ફેર

**પ્રશ્ન** : આચાર્ય વગેરે ત્રણ વચ્ચે શો ફેર છે?

**ઉત્તર** : આ જ પ્રમાણે [ અરિહંત અને સિદ્ધની જેમ જ ] આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓમાં સાધુના ગુણ સામાન્ય રીતે એકસરખા હોવા છતાં 'સાધુ' કરતાં 'ઉપાધ્યાય' અને 'આચાર્ય'માં વિશેષતા હોય છે. તે એ કે ઉપાધ્યાયપદને માટે સૂત્ર તથા અર્થનું વાસ્તવિક જ્ઞાન, ભણાવવાની શક્તિ, વચનમધુરતા અને ચર્ચા કરવાની શક્તિ વગેરે કેટલાક ખાસ ગુણો મેળવવા જરૂરી છે, પણ સાધુપદને માટે આ ગુણોની કોઈ ખાસ જરૂર નથી હોતી. એ જ રીતે આચાર્ય-પદને માટે શાસનનું સંચાલન કરવાની શક્તિ, ગચ્છના હિતાહિતની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાબદારી, ખૂબ ગંભીરતા અને દેશકાળનું વિશેષ જ્ઞાન વગેરે ગુણો જોઈએ. સાધુપદને માટે આ ગુણોને પ્રાપ્ત કરવાની ખાસ જરૂર નથી રહેતી. સાધુપદને માટે તો સત્તાવીશ ગુણ જરૂરી છે; એ તો આચાર્ય અને ઉપાધ્યાયમાં પણ હોય છે; પણ એ ઉપરાંત ઉપાધ્યાયમાં પચીસ અને આચાર્યમાં છત્રીસ ગુણ હોવા જોઈએ. અર્થાત્ સાધુપદ કરતાં ઉપાધ્યાયનું મહત્ત્વ વધારે છે, અને ઉપાધ્યાયપદ કરતાં આચાર્યપદનું મહત્ત્વ વધારે છે.

**અરિહંતનું અલૌકિકપણું**

**પ્રશ્ન** : જેમ અરિહંતની જ્ઞાન વગેરે આભ્યંતર શક્તિઓ અલૌકિક હોય છે, એમ એમની બાહ્ય અવસ્થા પણ શું આપણાથી વિશેષતાવાળી થઈ જાય છે?

**ઉત્તર** : આભ્યંતર શક્તિઓ સંપૂર્ણ થઈ જવાને કારણે અરિહંતનો પ્રભાવ એટલે તો અલૌકિક થઈ જાય છે કે સામાન્ય માનવીને તો એના ઉપર વિશ્વાસ પણ ન બેસે. અરિહંતનો સમગ્ર વ્યવહાર લોકોત્તર હોય છે. મનુષ્ય, પશુ, પક્ષી વગેરે જુદી જુદી જાતના જીવો અરિહંતના ઉપદેશને પોતપોતાની ભાષામાં સમજી જાય છે. સાપ-નોળિયો, ઉંદર-બિલાડી, ગાય-વાઘ વગેરે જન્મનાં વેરી પ્રાણીઓ પણ સમવસરણમાં પોતાની વૈરવૃત્તિને ભૂલીને ભ્રાતૃભાવ ધારણ કરે છે. અરિહંતના વચનમાં જે પાંત્રીશ ગુણ હોય છે તે બીજાઓના વચનમાં નથી હોતા. જ્યાં અરિહંત બિરાજે છે ત્યાં માનવી વગેરેની તો વાત શું કરવી, કરોડો દેવો પણ હાજર થાય છે, હાથ જોડીને ખડા રહે છે, ભક્તિ કરે છે અને અશોકવૃક્ષ વગેરે આઠ પ્રાતિહાર્યોની રચના કરે છે. આ બધું અરિહંતના પરમયોગની વિભૂતિ છે.

**પ્રશ્ન** : આવું કેવી રીતે માની શકાય?

**ઉત્તર** : આપણને જે વાતો અસંભવ જેવી લાગે તે પરમ-યોગીઓને માટે સામાન્ય છે. એક જંગલી ભીલને ચક્રવર્તીની ઋદ્ધિનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જરા સરખો પણ ખ્યાલ નથી આવી શકતો. આપણી અને યોગીઓની યોગ્યતા વચ્ચે મોટું અંતર છે. આપણે વિષયોના ગુલામ, લાલચના પૂતળા અને અસ્થિરતાના કેન્દ્ર છીએ. આથી ઊલટું યોગીઓને મન વિષયોનું આકર્ષણ કોઈ ચીજ નથી; લાલચ તો એમને સ્પર્શી પણ નથી શકતી; તેઓ તો સ્થિરતાના સુમેરુ જેવા હોય છે. આપણે થોડા સમય માટે પણ મનને સર્વથા સ્થિર નથી રાખી શકતા; કોઈનું કડવું વેણ સાંભળીને મારવા-મરવા તૈયાર થઈ જઈએ છીએ; નજીવી વસ્તુ ખોવાઈ જતાં જાણે આપણા પ્રાણ નીકળી જવા માંડે છે; સ્વાર્થાંધતાને લીધે બીજાની વાત તો શું કરવી, ભાઈ અને બાપને પણ આપણે દુસ્મન માની લઈએ છીએ! પરમયોગી આ બધા દોષોથી મુક્ત હોય છે. જ્યારે એમની આંતરિક દશા આટલી ઊંચી હોય છે, ત્યારે એમની ઉપર જણાવ્યા મુજબની લોકોત્તર સ્થિતિ થાય એમાં કશી નવાઈ નથી. સામાન્ય યોગસમાધિ કરનારા મહાત્માઓનો અને ઉચ્ચ ચારિત્રવાળા સામાન્ય માણસોનો પણ જેટલો મહિમા–પ્રભાવ જોવામાં આવે છે, એનો વિચાર કરવાથી અરિહંત જેવા પરમયોગીની લોકોત્તર વિભૂતિ માટે સંદેહ નથી રહેતો.

### વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિએ પાંચેનું સ્વરૂપ

**પ્રશ્ન** : વ્યવહાર (બાહ્ય) અને નિશ્ચય (આભ્યંતર) એ બન્ને દૃષ્ટિએ અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ કેવું હોય છે?

**ઉત્તર** : આ બન્ને દૃષ્ટિએ સિદ્ધના સ્વરૂપમાં કશો ફેર નથી. એમને માટે જે નિશ્ચય છે એ જ વ્યવહાર છે, કારણ કે સિદ્ધ અવસ્થામાં નિશ્ચય અને વ્યવહારની એકતા થઈ જાય છે. પણ અરિહંતની બાબતમાં આવું નથી. અરિહંતને શરીર હોય છે, તેથી એમનું વ્યાવહારિક સ્વરૂપ તો બાહ્ય વિભૂતિઓ સાથે સંબંધ ધરાવે છે; અને નિશ્ચય સ્વરૂપનો સંબંધ આંતરિક શક્તિઓના વિકાસ સાથે હોય છે, તેથી નિશ્ચયદૃષ્ટિએ અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ એકસરખું માનવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ.

**પ્રશ્ન** : નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિએ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુનું સ્વરૂપ કેવું હોય છે?

**ઉત્તર** : નિશ્ચયદૃષ્ટિએ ત્રણેનું સ્વરૂપ એક જેવું હોય છે. ત્રણેમાં મોક્ષમાર્ગના આરાધનની તત્પરતા અને બાહ્ય-આભ્યંતર નિર્ગ્રંથપણું વગેરે નિશ્ચયદૃષ્ટિનું અને પારમાર્થિક સ્વરૂપ સરખું હોય છે; પણ ત્રણેના વ્યાવહારિક સ્વરૂપમાં થોડોઘણો ફેર હોય છે. આચાર્યની વ્યાવહારિક યોગ્યતા સૌથી વધારે હોય છે; કેમ કે એમને ગચ્છ ઉપર શાસન ચલાવવાની અને જૈન શાસનનો મહિમા સાચવી રાખવાની જવાબદારી ઉઠાવવી પડે છે. ઉપાધ્યાયને આચાર્યપદની લાયકાત મેળ-વવા માટે કંઈક વિશેષ ગુણો મેળવવા પડે છે, જે સામાન્ય સાધુ-ઓમાં ન પણ હોય.

### નમસ્કારનો હેતુ અને એના પ્રકાર

**પ્રશ્ન** : પરમેષ્ઠીઓને નમસ્કાર શા માટે કરવામાં આવે છે? નમસ્કારના પ્રકાર કેટલા?

**ઉત્તર** : ગુણપ્રાપ્તિને માટે. તેઓ ગુણવાન છે અને ગુણવા-નોને નમસ્કાર કરવાથી ગુણની પ્રાપ્તિ જરૂર થાય છે, કારણ કે જેવું ધ્યેય હોય એવો જ ધ્યાતા બની જાય છે. દિવસ-રાત ચોર અને ચોરીની ભાવના ભાવવાવાળો માનવી ક્યારેય પ્રામાણિક (શાહુકાર) બની નથી શકતો. એ જ રીતે વિદ્યા અને વિદ્વાનની ભાવના ભાવવા-વાળો જરૂર કંઈક ને કંઈક વિદ્યા હાંસલ કરી જ લે છે. મોટાઓ પાસે આપણી લઘુતા અને એમની મોટાઈ પ્રગટ થાય એવું વર્તન કરવું એનું નામ જ નમસ્કાર છે. આ નમસ્કાર દ્વૈત અને અદ્વૈત એમ બે પ્રકારનો હોય છે. વિશેષ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત ન થઈ હોય અને નમસ્કાર કરનારના મનમાં એવો ભાવ હોય કે હું ઉપાસક છું અને અમુક વ્યક્તિ મારી ઉપાસ્ય છે, એને દ્વૈત-નમસ્કાર કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ-દ્વેષના વિકલ્પોનો નાશ થઈ જવાથી ચિત્તની એટલી બધી સ્થિરતા થઈ જાય છે કે જેમાં આત્મા પોતાની જાતને જ ઉપાસ્ય માને છે, અને કેવળ પોતાના રૂપનું જ ધ્યાન કરે છે; એ છે અદ્વૈત-નમસ્કાર. આ બે નમસ્કારોમાં અદ્વૈત-નમસ્કાર શ્રેષ્ઠ છે, કારણ કે દ્વૈત-નમસ્કાર તો અદ્વૈત-નમસ્કારનું માત્ર સાધન છે.

**પ્રશ્ન :** માનવીના અંતરંગ ભાવ—ભક્તિ—ના કેટલા ભેદ છે?

**ઉત્તર :** બે ભેદ : એક સિદ્ધ-ભક્તિ અને બીજી યોગી-ભક્તિ. સિદ્ધોના અનંત ગુણોની ભાવના ભાવવી એ સિદ્ધ-ભક્તિ છે; અને યોગીઓ (મુનિઓ) ના ગુણોની ભાવના ભાવવી એ યોગી-ભક્તિ છે.

**પ્રશ્ન :** અરિહંતને પહેલાં અને સિદ્ધ વગેરેને પછી નમસ્કાર કરવાનું કારણ શું છે?

**ઉત્તર :** વસ્તુનું પ્રતિપાદન કરવાના બે ક્રમ હોય છે. એક પૂર્વાનુપૂર્વી અને બીજો પશ્ચાનુપૂર્વી. મોટાની પછી નાનાનું કથન એ પૂર્વાનુપૂર્વી છે; અને નાના પછી મોટાનું કથન, એ પશ્ચાનુપૂર્વી છે. પાંચે પરમેષ્ઠીઓમાં સિદ્ધ સૌથી મોટા છે, અને સાધુ સૌથી નાના છે, કારણ કે સિદ્ધઅવસ્થા ચૈતન્યશક્તિના વિકાસની ચરમ સીમા છે; અને સાધુઅવસ્થા એની સાધના કરવાની પહેલી ભૂમિકા. એટલા માટે અહીં પૂર્વાનુપૂર્વી ક્રમથી નમસ્કાર કરવામાં આવ્યો છે. જોકે કર્મ-ક્ષયની દૃષ્ટિએ સિદ્ધો અરિહંત કરતાં શ્રેષ્ઠ છે, છતાં પણ કૃતકૃત્યતાની દૃષ્ટિએ બન્ને સરખા જ છે; અને વ્યવહારની દૃષ્ટિએ તો અરિહંત સિદ્ધ કરતા શ્રેષ્ઠ છે, કારણ કે સિદ્ધોના પરોક્ષ સ્વરૂપને બતાવવાવાળા તો અરિહંત જ છે. એટલા માટે વ્યવહારદૃષ્ટિએ અરિહંતોને શ્રેષ્ઠ માનીને એમને પહેલાં નમસ્કાર કરવામાં આવ્યો છે.

[ દઓચિં૦ ખં૦ ૨, પૃ. ૫૨૨–૫૩૨ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દેવ ગુરુ, ધર્મ તત્ત્વો

જૈન પરંપરામાં તાત્ત્વિક ધર્મ ત્રણ તત્ત્વોમાં સમાયેલો મનાય છે: દેવ, ગુરુ અને ધર્મ. આત્માની પૂરેપૂરી નિર્દોષ અવસ્થા એ દેવ-તત્ત્વ; એવી નિર્દોષતા પ્રાપ્ત કરવાની સાચી આધ્યાત્મિક સાધના એ ગુરુતત્ત્વ; અને બધી જાતનો વિવેકી યથાર્થ સંયમ તે ધર્મતત્ત્વ. આ ત્રણ તત્ત્વોને જૈનત્વનો આત્મા કહેવો જોઈએ. એ તત્ત્વોને સાચવ-નાર અને પોષનાર ભાવનાને એનું શરીર કહેવું જોઈએ. દેવતત્ત્વને સ્થૂલ રૂપ આપનાર મંદિર, એમાંની મૂર્તિ, એની પૂજા-આરતી, એ સંસ્થા નભાવવાનાં સાધનો, તેની વ્યવસ્થાપક પેઢીઓ, તીર્થસ્થાનો એ બધું દેવતત્ત્વની પોષક ભાવનારૂપ શરીરનાં વસ્ત્ર અને અલંકાર જેવું છે. એ જ રીતે મકાન, ખાનપાન, રહેવા આદિના નિયમો અને બીજાં વિધિવિધાનો એ ગુરુતત્ત્વના શરીરનાં વસ્ત્ર કે અલંકારો છે. અમુક ચીજ ન ખાવી, અમુક જ ખાવી, અમુક પ્રમાણમાં ખાવી, અમુક વખતે ન જ ખાવું, અમુક સ્થાનમાં અમુક જ થાય, અમુકના પ્રત્યે અમુક રીતે જ વરતાય, ઇત્યાદિ વિધિનિષેધના નિયમો એ સંયમ-તત્ત્વના શરીરનાં કપડાં કે ઘરેણાં છે.

[ દઅચિં ભા૦ ૧, પૃ૦ ૫૬ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org